નવનીતભાઈ સી. પટેલ
ચેરમેન

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ

(મલ્ટી સ્ટેટ શિડયુલ્ડ બેંક)

To
Shri Hasmukhbhai

તા.૧૦-૦૮-૨૦૧૬

સ્નેહી માનનીયશ્રી હસમુખભાઇ,

આપશ્રી કુશળ હશો. સસ્નેહ જણાવવાનું કે કાલુપુર બેંક બેંકિંગની સાથે સાથે પોતાની સામાજિક ઉત્તરદાયિત્વની ફરજ સારી રીતે બજાવે છે. આ માટે બેંક પોતાની શાખાઓના સ્થાપના દિનની ઉજવણી રકતદાન કેમ્પ યોજી કરે છે.

તા.૨૭ અને ૨૮ જૂલાઈ ૨૦૧૬ ના રોજ આપની નિરમા યુનિવર્સિટીમાં યોજાયેલ રકતદાન કેમ્પના આયોજનમાં બેંકને સામેલ કરી તે માટે આપના મેનેજમેન્ટનો આભાર માનું છું. આ રકતદાન કેમ્પમાં કુલ ૪૭૭ સ્વૈચ્છિક રકતદાતાઓ (વિધાર્થી ભાઈઓ-બહેનો) એ રકતદાન કરવા રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને તે પૈકી **૩૪૩ યુનિટ** રકત એકત્રિત કરવામાં આવ્યું હતું તે જાણી આનંદ થયો છે. આ માટે આપને, **રોટરેક કલબ ઓફ નિરમા ઈન્સ્ટિટયૂટસના** સ્વયંસેવક મિત્રોને તથા અમારી નિરમા યુનિવર્સીટી શાખાના સ્ટાફ મિત્રોને તથા અમદાવાદ રેડક્રોસ સોસાયટીની ટીમના સભ્યોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

આપણે જાણીએ છીએ કે, રકત એ ઈશ્વરની મનુષ્યને અણમોલ ભેટ છે. તે દુનિયાની કોઈ ફેકટરીમાં બનતું નથી. કટોકટીના સમયમાં પૂરતી માત્રામાં પહોંચાડવામાં આવેલું લોહી કોઈની મહામૂલી જિંદગી બચાવવામાં સંજીવનીની ગરજ સારે છે.

નિરમા યુનિવર્સીટીની મુલાકાતે ન્યુ દિલ્હીથી ભારત સરકારના **એન.એસ.એસ.**ના રિજીયોનલ ડિરેકટરશ્રી કમલકુમાર સાહેબ આવેલા તેમને આપે રકતદાન કેમ્પની વીઝીટ કરાવી યુનિવર્સીટી અને કાલુપુર બેંકની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા તે માટે આપનો આભાર માનુ છું.

આ રકતદાન કેમ્પને સફળતા અપાવવા યુનિવર્સીટીના કેમ્પસમાં સુંદર વ્યવસ્થા ગોઠવવા બદલ તથા મોટી સંખ્યામાં વિધાર્થી ભાઈઓ-બહેનોને રકતદાન કરવા આંમત્રિત કર્યા, તેઓને પ્રેરિત કર્યા તે બદલ આપને અને આપના કર્મચારીઓને પુનઃ અભિનંદન આપુ છું.

..૨..

રહેઠાણ :
૧૦, પરિવાર સોસાયટી,
પ્રેમચંદનગર, વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૮૬૦૧૩૨

"કાલુપુર બેંક ભવન", ઈન્કમ-ટેક્ષ સર્કલ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪. (ભારત)
ફોન : ૨૭૫૮૨૦૩૧, ૨૭૫૮૨૦૨૦
ફેક્સ : ૦૭૯ - ૨૭૫૪૪૪૫૦

Shri URP

I/216
URP

આશા રાખું છું કે, ભવિષ્યમાં આપનું મેનેજમેન્ટ આવા સમાજોપયોગી કાર્યક્રમમાં બેંકને સાથે રાખશે. આપની નિરમા યુનિવર્સીટી શૈક્ષણિક ક્ષેત્રે વૈશ્વિક ધોરણે નામના મેળવે તેવી શુભાશિષ પાઠવું છું.

શુભેચ્છા સહ,

આપનો સહકારી,

(નવનીતભાઈ સી.પટેલ)

પ્રતિ,
શ્રી હસમુખભાઈ પટેલ - ચીફ કો-ઓર્ડિનેટર,
સ્ટુડેન્ટસ વેલ્ફેર એકટીવીટીઝ, નિરમા યુનિવર્સીટી,
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.

**નકલ સવિનય રવાના : (આભાર સહ, જાણ સારૂ)**
---------------------
માનનીયશ્રી ખોડાભાઈ કે. પટેલ
વાઈસ પ્રેસીડેન્ટ,
નિરમા યુનિવર્સીટી, એસ.જી.રોડ,
અમદાવાદ.